:: નમુના – અ :: આંક–

**બગસરાનાં મહે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મું.બગસરા.**
**ચુકાદાની તારીખ : ૧૫/૦૪/૨૦૨૬**
**ફોજદારી કેસ નં.૬૪૫/૨૦૨૪**

:: ગુનાની વિગત ::

| | |
|---|---|
| ગુનાની કલમ | ધી નેગો. ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮,૧૪૨. |
| પ્ર.માહિતી અહેવાલ નંબર | – |
| પોલીસ સ્ટેશન | – |
| ફરીયાદી પક્ષ | **ભારત સીમેન્ટ પ્રોડકટ બગસરા નામની ભાગીદારી પેઢીના ભાગીદાર તથા વહીવટકર્તા દિનદારભાઈ સદરૂદિનભાઈ વિસાણી,** ઉ.વ.૬૨,ધંધો–વેપાર,ધર્મ–ખોજા, રહે.બગસરા, તા.બગસરા. |
| રજુઆત | વિ.વ.શ્રી.એ.એમ.મહેતા. |
| આરોપી પક્ષ | **કાળુભાઈ રાજશીભાઈ સીંધવ,** તે રાજ કન્ટ્રકશનના માલીક તથા વહીવટકર્તા, ઉ.વ.૪૩, ધંધો–કન્ટ્રકશન, ધર્મ–હીન્દુ, રહે.ગળોદર, તા.માળીયા હાટીના. |
| રજુઆત | વિ.વ.શ્રી.કોઈ નહી. |

:: નમુના –બ ::

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૭/૧૦/૨૦૨૪ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | – |
| આખરી અહેવાલની તારીખ | – |
| આરોપીની પ્લી નોંધ્યા તારીખ | ૨૨/૦૮/૨૦૨૫ |
| પુરાવો શરુ થયાની તારીખ | ૨૨/૦૮/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૭/૦૨/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૫/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | – |

:: આરોપીની વિગત ::

| આરોપીનો અનુક્રમ | આરોપીનુ નામ | ઘરપકડની તારીખ | જામીન મુકિતતારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/સજા કરી | કરવામા આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ફો.કા સંહિતાની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | કાળુભાઇ રાજશીભાઇ સીંધવ | – | – | ધી નેગો. ઇન્સ્ટુ. એકટની કલમ–૧૩૮, ૧૪૨ | સજા કરી | – | –– |

**:: નમુના –ક::**

**ફરીયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી**

અ.ફરીયાદી પક્ષ

| અનુ.ક્ર | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સ.૧ | દિનદારભાઇ સદરૂદિનભાઇ વિસાણી | સરતપાસનુ સોગંદનામુ |

બ.બચાવ પક્ષ

| અનુ.ક્ર | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | – | – |

ક.ન્યાયાલય

| અનુ.ક્ર | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | – | – |

ફરીયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

અ.ફરિયાદ આંકની યાદી

| અનુ.ક્ર | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૫ | અસલ તકરારી ચેક |
| ૨ | ૧૬ | ચેક બેંકમાં વટાવવા નાખ્યાની પાવતી |
| ૩ | ૧૭ | રીટર્ન મેમો |
| ૪ | ૧૮ | આરોપીને આપેલ લીગલ નોટીસ |
| ૫ | ૧૯ | રજી.એડી.કર્યાની પાવતી |
| ૬ | ૨૦ | એકનોજમેન્ટ પાવતી |
| ૭ | ૨૧ | બાહેંધરી પત્રક |

બ.બચાવ આંકની યાદી

| અનુ.ક્ર | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | –– | –– |

ક.ન્યાયાલય આંકની યાદી

| અનુ.ક્ર | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | – | – |

ડ.ભૌતિક પદાર્થ

| અનુ.ક્ર | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | – | – |

**: <u>ઠ રા વ</u> :**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી બગસરા મુકામે રહે છે અને બગસરા મુકામે ભારત સિમેન્ટ પ્રોડકટ નામથી ભાગીદારી પેઢી ધરાવે છે અને તેના ભાગીદાર છે અને સિમેન્ટ પ્રોડકટનો ધંધો કરે છે અને આરોપી ગળોદર મુકામે રહે છે અને રાજ કન્ટ્રકશન નામથી કન્ટ્રકશનનો ધંધો કરે છે. ફરીયાદીને ત્યાંથી ભારત સીમેન્ટ પ્રોડકટ બગસરામાંથી સિમેન્ટ પ્રોડકટનો માલ અવારનવાર લેવા આવતા હોય જેથી એકબીજા ભેગા થતા હોય એકબીજાને સારી રીતે ઓળખે છે. આ કામના આરોપી અને ફરીયાદી એકબીજાને સારી રીતે ઓળખતા હોય જેથી આ કામ ના આરોપી ગઇ તા.૦૩/૦૧/૨૦૨૪થી તા.૧૯/૦૧/૨૪ સુધીમાં સી. બેલા, પેવર બ્લોક, સી પેવર બ્લોક વિગેરે જેવો સિમેન્ટ પ્રોડકટનો માલ સને ૨૦૨૪માં બીલ મુજબ લઇ ગયેલા અને માલની રકમ છ માસમાં આપી જઇશ તેવુ કહી બાકી રાખેલી હતી. ઘણો લાંબો સમય જતા ફરીયાદીએ આરોપી પાસે સિમેન્ટ પ્રોડકટના માલની લેણી રકમની ઉઘરાણી કરતા આરોપીએ ફરીયાદીને તા.૦૫/૦૮/૨૦૨૪ના રોજ રૂ.૩૦૦ના સ્ટેમ્પ પેપર્સ પર નોટરી રૂબરૂ તેઓની લેણી રકમનું બાહેંધરી પત્રક લખી આપી અને તા.૦૫/૦૮/ ૨૦૨૪ના રોજ વટાવાય તે રીતનો ચેક ફરીયાદીને આઇ.સી.આઇ. સી.આઇ.બેંક શાખા ગડોદરનો ચેક રૂ.૧૦,૦૦,૦૦૦/–દસ લાખ પુરા નો જેના ચેક નં.૦૦૦૨૦૪નો આપેલો. તમારા આઇ.સી.આઇ.સી. આઇ.બેંક શાખા ગડોદરના ખાતા નં.૨૮૮૩૦૫૦૦૦૦૧૦નો ચેક તા.૦૫/૦૮/ ૨૦૨૪ના રોજ વટાવાય તે રીતનો આપેલો અને આ રકમ તા.૦૫/૧૦ /૨૦૨૪ સુધીમાં ચુકવી આપવાનું સાક્ષી તથા નોટરી રૂબરૂ બાહેંધરી પત્રક લખી આપી ચેક આપેલો. જે ફરીયાદીની માલની લેણી રકમ આરોપી સમય મર્યાદામાં રકમ ન ચુકવો તો ચેક બેંકમાં નાખી અને તમો તમારી રકમ મેળવી લેશો તેવો વિશ્વાસ અને ભરોસો લખાણ કરી ચેક આપી તેઓના અસીલને આપેલ હતો. ત્યારબાદ ફરીયાદીની લેણી રકમ રૂ.૧૦,૦૦,૦૦૦/–દસ લાખ પુરા આરોપીએ તા. ૦૫/૧૦/૨૦૨૪ સુધીમાં ચુકતે ન આપતા અને

વારંવાર ટેલીફોનીક ઉઘરાણી કરતા આરોપીએ ફરીયાદીને કહેલ કે તમોને ચેક તો આપેલ જ છે. તે બેંકમાં વટાવવા નાખી અને તમારી રકમ મેળવી લેશો. જેથી ફરીયાદીને આરોપીએ આપેલ ચેક આઇ. સી.આઇ.સી.આઇ.બેંક શાખા ગડોદરનો ચેક જેના નંબર ૦૦૦૨૦૪ વાળો ચેક ફરીયાદીના ખાતામાં ભારત સિમેન્ટ પ્રોડકટના ખાતામાં તા.૦૭/૧૦/ ૨૦૨૪ના રોજ આઇ.સી.આઇ. સી.આઇ.બેંક શાખા બગસરામાં વટાવવા નાખેલ અને આ ચેક તા.૦૭/ ૧૦/૨૦૨૪ના રોજ રીટર્ન મેમા સાથે અનસફીસયન્ટ ફંડના શેરા સાથે પરત ફરેલો જેની જાણ ફરીયાદીને બેંક તરફથી રીટર્ન મેમા સાથેનું કુરીયર મારફત કવર આવતા તા.૧૦/૧૦/ ૨૦૨૪ રોજ થયેલી છે. આ કામના આરોપીએ આપેલ ચેક રીટર્ન મેમા સાથે પરત ફરેલ હોય જેથી ફરીયાદીએ તેઓના વકીલ મારફત તારીખ ૨૨/૧૦/૨૦૨૪ના રોજ લીગલ નોટીસ રજી.એડી.થી તેમજ સાદી ટપાલથી નોટીસ આપેલ હતી જેમા ચેકની રકમ ૧૫ દિવસમાં ચુકવી આપવાનું જણાવેલ હતુ અને આરોપીને રજી.એડી.નોટીસ આરોપીને તા.૨૫/૧૦/ ૨૦૨૪ના રોજ મળી ગયેલ છે અને આરોપીની સહીવાળી રજી.એડી.ની પાવતી ફરીયાદીને પરત મળી ગયેલ છે. આમ, આરોપીને નોટીસ મળી ગયેલ હોવા છતાં નોટીસનો કોઇ જવાબ આપેલ નથી કે ચેક મુજબની કોઇ રકમ આપેલ નથી. આમ, આરોપીએ નેગો. ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮,૧૪૨ મુજબનો ગુન્હો કરેલ હોય ધોરણસર થવા તથા યોગ્ય સજા કરવા હાલની ફરીયાદ દાખલ કરેલ છે. ફરીયાદીની ફરીયાદ સાથે સરતપાસનું સોગંદનામુ તથા અસલ દસ્તાવેજી પુરાવા રજુ થતા આરોપી સામે પ્રથમ દર્શનીય ગુનો જણાઇ આવતા અદાલતે આરોપી સામે વટાઉખત અધિનિયમની કલમ-૧૩૮ મુજબનો પ્રોસેસ ઇસ્યુનો હુકમ કરેલ.

(૨) ઉપરોકત ગુનાની ફરીયાદના સંદર્ભમાં આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૨૭ મુજબ સમન્સ કરતા, આરોપી કોર્ટ સમક્ષ હાજર રહી તેઓની આંક-૧૩થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ જેમાં તેઓએ ગુનો કબુલ કરેલ ન હોય કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તર્ફે આંક-૨૨થી કલોજીંગ પુરશીષ આપી વધુ પુરાવો રજુ ન કરવા તથા તેઓનો પુરાવો પુરો થયાનુ જાહેર કરેલ છે. ફરીયાદપક્ષના

પુરાવા બાદ આ કામે આરોપીનુ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબનું વિશેષ નિવેદન લેવા માટે કામ રાખેલ, પરંતુ યોગ્ય અને પુરતી તક આપવા છતાં આરોપી હાજર રહેતા ન હોય, આરોપીનો એફ.એસ.નો હકક બંધ કરેલ છે.

(૪) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે મૌખિક દલીલો કરેલ છે, જે ધ્યાને લીધેલ છે. તેઓએ તેમની દલીલોમાં તેમની ફરીયાદ હકીકત, તેમની સરતપાસની હકીકત તેમજ તેઓએ રજુ કરેલા દસ્તાવેજી પુરાવા આધારે રજુઆત કરેલ છે. વધુમાં તેઓએ તેમની દલીલમાં કાયદાકીય જોગવાઇઓ બાબતે રજુઆત કરેલ છે. આરોપીપક્ષે આ કામે ફરીયાદપક્ષની કોઇ ઉલટતપાસ કરેલ નથી કે કોઇ પુરાવો રજુ કરેલ નથી કે કોઇ બચાવ લીધેલ નથી કે કોઇ લેખિત દલીલ રજુ કરેલ ન હોય તેઓનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૫) આરોપીપક્ષને તેમનો બચાવ કરવા કાયદાકીય જોગવાઇઓ મુજબ યોગ્ય અને પુરતી તક આપવામાં આવેલી છે. આરોપીપક્ષે ફરીયાદીની ઉલટતપાસ કરેલ નથી કે હાજર રહી તેમનુ વિશેષ નિવેદન કે તેમનો કોઇ લેખિત–મૌખિક પુરાવો રજુ કરેલ નથી કે તેમના બચાવનાં સમર્થનમાં કોઇ લેખિત–મૌખિક દલીલો પણ કરેલ નથી. આમ, આરોપીને પુરતી તક આપવા છતાં હાજર રહી કામ ચલાવેલ ન હોય નામદાર ઉચ્ચ અદાલતનાં (1) AIR 2014 S.C. 2528 INDIAN BANK ASSO. AND OTHERS V/s UNION OF INDIA (2) 2016 (0) AIJEL HC 236849 SHARAD JETHALAL V/s STATE OF GUJARAT (3) 2009 (1) BANK MANN 226 (KERALA HIGH COURT) JAIN BABU V/s JOSEPH તથા (4) SP.CRI.APPL.(QUASHING) NO. 9113/16 ISHWARBHAI JETHALAL CHUNARA V/s STATE OF GUJARAT તથા (5) R/SPECIAL CRIMINAL APPLICATION NO.6721/ 2023MANOJ VASUDEV SOMPURA V/s STATE OF GUJARAT (6) R/SPECIAL CRIMINAL APPLICATION NO.12712/2023 BHOOMI EXIM (PROPRIETARY CONCERN) V/s STATE OF GUJARAT ના ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને રાખી તથા નામદાર ગુજરાત હાઇકોર્ટના સકર્યુલર નંબર સી.૨૬૧૮/૨૦૧૬, તારીખ ૦૫/૦૭/૨૦૧૬માં આપેલ સુચનાઓને

ધ્યાને રાખી આરોપીપક્ષે કોઈ હાજર રહેતુ ન હોય તેમનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે અને સદર કામ આખરી હુકમ માટે રાખવામાં આવેલ છે.

**(૬)** સદર કામના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી ફરીયાદવાળા વ્યવહાર મુજબ બાકી રાખેલ રકમ તે કાયદેસરની લેણી નીકળતી રકમની ચુકવણી કરવા પેટે આરોપીએ ફરીયાદી ને હાલનો તકરારી ચેક આપેલો, જે ચેક ફરીયાદીએ પોતાના ખાતામાં જમા કરાવતા તે ચેક **"Funds insufficient"**ના શેરા સાથે પરત ફરતા ફરીયાદીએ આરોપીને રજી.એ.ડી.થી ડિમાન્ડ નોટીસ આપેલી જે નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતા આરોપીએ ચેકની રકમનુ ચુકવણું નહી કરીને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલો છે ?

૨) શું હુકમ ?

**(૬.૧)** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧) હકારમાં.

૨) આખરી હુકમ મુજબ.

**રેકર્ડ થયેલ ફરીયાદપક્ષનાં પુરાવાનો ટુંકસાર :–**

**(૭)** ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના કેસમાં નીચે મુજબની કલમો ધ્યાને લેવી જરૂરી જણાય છે.

**કલમ–૧૧૮ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ વિશે માની લેવાની બાબત.**

એથી વિરૂદ્ધનુ સાબીત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણેનું માની લેવામાં આવશે.

**(એ) અવેજ વિશે :** દરેક વટાવખત અવેજને માટે કરી આપ્યુ હતું અને એવુ દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય, તેના ઉપર શેરો આપવામાં આવ્યો હોય, તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતુ, તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

**(બી) તારીખ વિશે :** જેના ઉપર તારીખ હોય તેવુ દરેક વટાઉખત તે તારીખે

કરી આપ્યું અથવા લખી આપ્યું હતુ.

**(સી) સ્વીકારવાના સમય વિશે :** સ્વીકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું.

**(ડી) તબદીલીના સમય વિશે :** કોઈ વટાઉખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત પાકવાની તારીખ પહેલા થઈ હતી.

**(ઈ) શેરાઓના ક્રમ વિશે :** કોઈ વટાઉખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

**(એફ) સ્ટેમ્પ વિશે :** ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

**(જી) ધારણ યથાક્રમે ધારક છે એમ માની લેવા વિશે :** કોઈ વટાઉખતનો ધારક યથાક્રમ ધારક છે, પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલીક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી, કોઈ ગુન્હો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય, અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુન્હો કરીને અથવા કપટથી, અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે, તે ખતનો ધારક પોતે યથાક્રમ ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

**કલમ–૧૩૯ : ધારકની તરફેણમાં અનુમાન :**

(૮) વિરૂદ્ધનું સાબીત થાય તે સિવાય એવું માની લેવામાં આવશે કે ચેકના ધારકને સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે કલમ–૧૩૮માં ઉલ્લેખ પ્રકારનો ચેક મળ્યો છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ મુજબનું અનુમાન કે જે ફરીયાદીની તરફેણમાં કરવાનું હોય છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબનું અનુમાન કે જે ફરીયાદીની તરફેણમાં કરવાનું હોય છે તે એબ્સોલ્યુટ નથી અને રીબર્ટ કરી શકાય અને તેનો રીબર્ટ કરવાનો બોજો આરોપીના શીરે છે અને ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કર્યા પછી આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૧૮,૧૩૯ના અનુમાનનું ખંડન કરતો પ્રોબેબલ પુરાવો રજુ કરવાનો હોય છે. એટલે કે ફરીયાદપક્ષના પુરાવામાં આરોપીપક્ષને કેસના સંજોગો અનુસાર પ્રોબેબલ

ડીફેન્સ રેકર્ડ પર લાવવાનું પુરવાર કરે તો આરોપીને શંકાનો લાભ ન્યાયતંત્રના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ મળવો જોઇએ.

આમ, ઉપરોકત બંને જોગવાઈઓ ધ્યાને લેતા જો વિરૂદ્ધનું પુરવાર કરવામાં ન આવે તો આરોપીને આપેલ ચેક એ પોતાની કાયદેસરની જવાબદારી અદા કરવા માટે આપેલ જે તેવું અનુમાન કરવાની જોગવાઇ જે પુરતુ અનુમાન કયાં સુધી થઇ શકે અને તેનો વ્યાપ કેટલો છે અને તેના કોની જવાબદારી કોની છે, તે પણ જોવુ જરૂરી જે તે નામદાર સર્વોચ્ચ અદાલતના AIR 2010 SC 1898 માં પ્રસિદ્ધ થયેલ **રંગપ્પા વિ. મોહનવાળા** ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવા જરૂરી છે જે નીચે મુજબ છે.

14. In light of these extracts, we are in agreement with therespondent-claimant that the presumption mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability. To that extent, the impugned observations in Krishna Janardhan Bhat (supra) may not be correct. However, this does not in any way cast doubt on the correctness of the decision in that case since it was based on the specific facts and circumstances therein. As noted in the citations, this is of course in the nature of a rebuttable presumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favours the complainant. Section 139 of the Act is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of improving the credibility of negotiable instruments. While Section 138 of the Act specifies a strong criminal remedy in relation to the dishonour of cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. However, it must be remembered that the offence made punishable by Section 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong whose impact is usually confined to the private parties involved in commercial transactions. In such a scenario, the test of proportionality should guide theconstruction and interpretation of reverse onus clauses and the accused/defendant cannot be expected to discharge an unduly high standard or proof. In the absence of compelling justifications, reverse onus clauses usually impose an evidentiary burden and not a persuasive burden. Keeping this in view, it is a settled position that when an accused has to rebut the presumption under Section 139,the standard of proof for doing so is that of 'preponderance of probabilities'.Therefore, if the accused is able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability,the prosecution can fail. As clarified in the citations, the accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable that in some cases the accused may not need to adduce evidence of his/her own.

(૯) આમ, ઉપરોકત બંને કલમોની જોગવાઇઓ અને નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતા એવું ફલીત થાય છે કે, ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઈ મુજબ આરોપીએ આપેલ ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેવા અથવા જવાબદારી અદા કરવા આપેલ છે, તેવું પ્રાથમિક અનુમાન થાય અને આ અનુમાનની ખંડનની જવાબદારી આરોપીના શીરે છે. આરોપીના આ અનુમાનના ખંડન માટે પુરાવો આપી શકે અથવા ફરીયાદીએ રજુ કરેલા પુરાવા પર આધાર રાખી પોતાનો બચાવ રજુ કરી શકે. આરોપીએ પુરાવો આપવો આવશ્યક નથી પરંતુ અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપીની પર છે. આરોપી જો આ અનુમાનનું ખંડન થાય તેવો પુરાવો કે હકીકતો રેકર્ડ પર લાવીને અનુમાનનું ખંડન કરવામાં સફળ થાય તો આરોપીએ આપેલ ચેક એ કાયદેસરના દેવા કે જવાબદારી પેટે આપેલ છે અને દેવુ કાયદેસરનું છે તેવી હકીકત શંકાથી પર અને કાયદેસર રીતે સાબીત કરવાની જવાબદારી ફરીયાદપક્ષે થાય છે અને સદર આરોપીએ અનુમાનનું ખંડન શંકાથી પર અને કાયદેસર રીતે કરવાનું હોતુ નથી. પ્રોબેબલ સંજોગો કે સંભાવના (preponderance of probabilities) રેકર્ડ પર લાવવાના હોય છે. આ કામે ઉપરોકત બંને જોગવાઇઓ અને નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાંના ઉપરોકત સિદ્ધાંતોને ધ્યાનમાં રાખી આ કામે રજુ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરવુ આવશ્યક છે.

**ભારતીય પુરાવા અધિનિયમ,૧૮૭૨ની કલમ–૪ :**

(૧૦) **''માની શકાય (May presume)"** કોર્ટ કોઇ હકીકત માની લઇ શકે એવી આ એકટમાં જોગવાઇ હોય, ત્યારે નાસાબિત થાય ત્યાં સુધી તે સાબિત થયેલી છે એમ ગણી શકાશે, અથવા તેના વિશે પુરાવા માંગી શકાશે.

**''માની લેવુ જોઇશે (Shall presume)"** : કોર્ટે કોઇ હકીકત માની લેવી જોઇશે એવુ આ એકટમાં ફરમાવ્યુ હોય, ત્યારે તેવી હકીકત નાસાબિત ન થાય ત્યાં સુધી તે સાબિત થયેલી છે એમ ગણવાનુ રહેશે.

**''નિર્ણાયક પુરાવો (Conclusive proof)"** : એક હકીકત બીજી હકીકતના અસ્તીત્વ માટેનો નિર્ણાયક પુરાવો છે, એવુ આ એકટથી જાહેર

કરવામાં આવ્યું હોય ત્યારે કોર્ટે એવી એક હકીકતના અસ્તીત્વના પુરાવાથી બીજી હકીકત પુરવાર થયેલી જ ગણવાની રહેશે, અને તેને નાસાબિત કરવાના હેતુ માટે પુરાવો રજુ કરવાની પરવાનગી આપશે નહી.

**ધી નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૪૨(બી)**

**(૧૧)** કલમ–૧૩૮ના પરંતુકના ખંડ(સી) હેઠળ ઉપસ્થિત થતા દાવાના કારણથી એક માસમાં આવી ફરીયાદ કરવામાં આવેલ હોવી જોઇએ. આ કામે ચેક પરત ફર્યા તથા તે અંગેની નોટીસ આરોપીને આપવામાં આવેલ તથા હાલની ફરીયાદ દાખલ કરવામાં આવેલ તે સમય મર્યાદામાં કરવામાં આવેલ છે કે કેમ ? તે અંગે અનુસંધાને ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો, **ફરીયાદીએ આ કામે આંક–૧૫થી અસલ તકરારી ચેક રજુ કરેલ છે, તે ચેકમાં તા.૦૫/૦૮/૨૦૨૪ લખેલ છે, જે ચેક ફરીયાદીએ પોતાના ખાતામાં ભરતા આંક–૧૭ના બેંક રીટર્ન મેમોથી તા.૦૭/૧૦/૨૦૨૪ના રોજ "Funds insufficient"ના શેરા સાથે પરત ફરેલ છે, તેથી એ હકીકત પ્રસ્થાપિત થાય છે કે, ફરીયાદીએ નિયત સમયમાં ચેક બેંકમાં રજુ કર્યો હતો. સદર ચેક પરત આવ્યેથી ફરીયાદીએ આરોપીને તા.૨૨/૧૦/૨૦૨૪ના રોજ રજી.એ.ડી.થી નોટીસ આપેલ જે આંક–૧૮ વાળી નોટીસ પરથી ફલિત થાય છે. સદર નોટીસ આરોપીને તા.૨૫/૧૦/૨૦૨૪ના રોજ બજેલ છે, તેવુ આંક–૨૦ની પોસ્ટની એકનોલેજમેન્ટ સ્લીપ પરથી ફલિત થાય છે અને તા.૦૯/૧૧/૨૦૨૪ના રોજ ૧૫ દિવસ પુર્ણ થાય છે. ત્યારબાદ આ કામના ફરીયાદીએ તા.૦૬/૧૨/૨૦૨૪ના રોજ ફરીયાદ દાખલ કરેલ છે. જે ફરીયાદ કાયદાકીય જોગવાઇઓ મુજબ યોગ્ય રીતે મુદતમાં દાખલ કરેલ છે.**

**<u>પુરાવાનું મૂલ્યાંકન :–</u>**

**(૧૨)** સદર કામે ફરીયાદીએ હાલની ફરીયાદ ધી નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ કરેલ છે. ફરીયાદીએ કરેલી ફરીયાદ તથા સાથે રજુ દસ્તાવેજો અનુસંધાને પ્રથમ દર્શનીય પુરાવો જણાતા આરોપી વિરૂદ્ધ સમન્સ ઇસ્યુ કરવામાં આવેલ છે. આરોપીને સમન્સની બજવણી થતા આરોપી હાજર થતા આરોપીની પ્લી રેકર્ડ કરી કેસનું કામ આગળ ચલાવવામાં આવેલ છે. ફરીયાદીએ તેમના કેસના સમર્થનમાં આંક–૦૬થી સરતપાસનુ સોગંદનામુ ધી નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૪૫ મુજબ રજુ

કરેલ છે. ફરીયાદીએ તેમની સરતપાસનાં સોગંદનામાંની સાથે આંક–૦૫થી દસ્તાવેજી લીસ્ટથી દસ્તાવેજો રજુ કરેલા છે, જે આ કામે આંક–૧૫થી આંક–૨૧ મુજબનાં રજુ છે. ફરીયાદીનું સરતપાસનું સોગંદનામુ રજુ થયા બાદ સદર કામ ફરીયાદીની ઉલટતપાસ માટે રાખતા આરોપી તર્ફે હાજર થઇ ફરીયાદીની કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે આંક–૨૩થી આરોપીએ આ કામે રૂા.૩૨,૦૦૦/– અંકે રૂપિયા બત્રીસ હજાર પુરા જમા કરાવેલ હોય તેવી પુરશીષ રજુ કરેલ છે જેના અનુસંધાને ફરીયાદી તર્ફે એવુ અનુમાન થઇ શકે કે ફરીયાદીને આરોપી પાસેથી કાયદેસરનું લેણુ હતુ અને ફરીયાદપક્ષની ફરીયાદ હકીકતને રીબર્ટ કરતો કોઇ જ પુરાવો આરોપીપક્ષે રજુ કરેલ નથી.ત્યારબાદ ફરીયાદીએ તેમને કોઇ વધુ પુરાવો આપવો નથી તેવુ જાહેર કરતા સદર કામ એફ.એસ. માટે રાખવામાં આવેલ છે, પરંતુ આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેતા ન હોય તેઓનો ફરીયાદીની ઉલટતપાસનો હકક, એફ.એસ.નો તેમજ પુરાવાનો હકક ન્યાયનાં હિતમાં બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદી તરફે મૌખિક દલીલો કરેલ છે, જે ધ્યાને લીધેલ છે. જયારે આરોપીપક્ષનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે. આમ, આ હકીકતો આરોપી તર્ફે સ્વીકૃત, બિનતકરારી, નિવિવાદીત પ્રકારની હોવાનુ જણાય છે.

**(૧૩)** સદર કામે આરોપીએ હાજર રહી ફરીયાદીની કોઇ ઉલટતપાસ કરેલ નથી કે તેઓનો કોઇ સ્વતંત્ર મૌખિક કે લેખિત પુરાવો આપેલ નથી તે ધ્યાને લેતાં, ફરીયાદપક્ષે રજુ સરતપાસનું સોગંદનામુ તેમજ રજુ કરેલ સંલગ્ન દસ્તાવેજો બાબતે ફરીયાદપક્ષની દલીલ વિગેરે ધ્યાને રાખી જોતા તકરારી ચેક , ચેક વટાવવા નાખ્યાની પાવતી, રીટર્ન મેમો, નોટીસ, નોટીસ આપવા બાબતના પોસ્ટ ખાતાના દસ્તાવેજો, બાહેંધરી પત્રક વિગેરે દસ્તાવેજો અનુસંધાને કોઇ જ ઉલટતપાસ થયેલ નથી કે તેવા દસ્તાવેજોને ઉલટતપાસ અથવા અન્ય પુરાવાથી પડકારેલ હોવાનુ પણ જણાઇ આવતુ નથી. સદર કામે ફરીયાદપક્ષે રજુ કરેલ ફરીયાદવાળા વ્યવહાર પેટેનાં ઉપરોકત દસ્તાવેજો જેવા કે અસલ ચેક તથા રીટર્ન મેમો ધ્યાને લેતા, આરોપીએ ફરીયાદીને તકરારી ચેક આપેલાનુ અને સદર ચેક બેંકમાંથી બાઉન્સ થયેલાનુ જણાઇ આવે છે. ફરીયાદીએ ત્યારબાદ નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ–

૧૩૮ મુજબ ની નોટીસ નિયત સમય મર્યાદામાં આરોપીને મોકલાવેલાનુ રજુ નોટીસ તથા પોસ્ટ ઓફીસનાં દસ્તાવેજો ઉપરથી પ્રસ્થાપિત થાય છે. આરોપી દ્વારા ફરીયાદીને હાલનો તકરારી ચેક આપેલાનુ માની શકાય તેમ છે, કારણ કે, આરોપીપક્ષે કોઇ વિરૂદ્ધની હકીકત રજુ કરેલ નથી. ફરીયાદીએ મંડળી દ્વારા ઠરાવના આધારે યોગ્ય સત્તા મુજબ ફરીયાદ દાખલ કરેલ છે, તેવા સંજોગોમાં ફરીયાદીની સરતપાસ મુજબની હકીકતો રજુ દસ્તાવેજો કાયદા મુજબ ન માનવાને કોઈ કારણ નથી.

**(૧૪)** સદર કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઇઓ મુજબ ફરીયાદીએ યોગ્ય રીતે ફરીયાદ દાખલ કરેલ છે. ધી નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબનું અનુમાન પણ ફરીયાદપક્ષે રજુ કરેલ દસ્તાવેજો બાબતે કરવાનુ રહે છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ કાયદેસરનાં લેણાં બાબતનું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું હોય છે. જો કે અનુમાન ખંડનીય છે એટલે કે, આરોપીપક્ષ સદર કાયદેસરનાં અનુમાનને રીબર્ટ કરી શકે છે. વળી, આરોપીએ તેમનો ખંડનાત્મક પુરાવો નિ:શંકપણે આપવાનો હોતો નથી, પરંતુ પ્રિપ્રોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીથી રજુ કરવાનો હોય છે. આમ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ કાયદેસરના લેણાં બાબતે આરોપીએ ફરીયાદીને ચેક આપ્યો છે, તેવુ કાયદાકીય અનુમાન કરવાની જોગવાઈ છે હાલનાં કેસમાં આરોપીપક્ષે કોઈ રીબર્ટલ પુરાવો આપેલ નથી, તેવા સંજોગોમાં ફરીયાદીની તરફેણનું કાયદાકીય અનુમાન અસ્તીત્વમાં રહે છે. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો **રંગપ્પા વિરૂદ્ધ શ્રી મોહન**માંના પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને લેતા, કાયદેસરનાં લેણા બાબતનું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનુ હોય છે, પરંતુ જો આરોપી ખંડનાત્મક પુરાવો આપે તો ત્યારબાદ ફરીયાદીએ તેમનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો પડે છે. જો કે આરોપીએ પુરાવો આપવાનું ધોરણ ફરીયાદી જેટલુ સ્ટ્રીક નથી, પરંતુ કોઝન્ટ એવીડન્સ રજુ કરી વ્યાજબી શંકા ઉભી કરવાની હોય છે. આરોપીએ તેમનો આવો વ્યાજબી શંકા ઉભો કરતો પુરાવો રજુ કરવા માટે વીટનેશ બોક્ષમાં પણ આવવાની જરૂરી નથી. ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ લેખિત પુરાવા આધારે પણ રીબર્ટલ પુરાવો આપી શકે છે. હાલનાં કેસમાં

અગાઉ ચર્ચા કર્યા મુજબ આરોપીએ જાતે કે તેમના વિ.વ.શ્રી મારફતે હાજર રહી ફરીયાદપક્ષના પુરાવા દ્વારા કે પોતાનો કે પોતાના સાક્ષીનો કોઇ લેખિત કે મૌખિક પુરાવો રજુ કરી કોઇ રીબર્ટલ પુરાવો રજુ કરેલ નથી, તેવા સંજોગોમાં ફરીયાદપક્ષે રજુ કરેલ ફરીયાદ,સરતપાસનુ સોગંદનામુ,દસ્તાવેજો, દલીલો,નામદાર ઉચ્ચ અદાલતનાં ચુકાદાઓમાના પ્રસ્થાપિત સિદ્ધાંતા વિગેરે ધ્યાને રાખી **મુદ્દા નં.૧**નો જવાબ **હકારમાં** આપી ન્યાયનાં હિતમાં **મુદ્દા નં.૨** બાબતે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## :: હુકમ ::

આથી આ કામના આરોપી–**કાળુભાઇ રાજશીભાઇ સીંધવ,** રહે. ગળોદર, તા.માળીયા હાટીના નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૮(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તા.૧૫મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬**ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**મુકામ : બગસરા.**
**તા.૧૫/૦૪/૨૦૨૬**

**(નિલેશકુમાર એમ. ચૌહાણ)**
**જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**બગસરા.(કોડ નં.જીજે–૦૧૬૪૭)**

<u>સજા અંગે સુનાવણી :–</u>

આરોપી ગેરહાજર છે. આરોપીપક્ષે કોઇ વિ.વ.શ્રી રોકેલ નથી અને સજા અંગે કોઇ રજુઆત આરોપીપક્ષે કરવામાં આવેલ નથી.

ફરીયાદીના વિ.વ.શ્રીને સજા અંગે સુનવણીની તક આપવામાં આવે છે ત્યારે તેઓ મૌખીક રજુઆત કરેલ છે કે,આરોપીને વધુમાં વધુ સજા કરવા અરજ કરેલ છે. આ કામે તકસીરવાન ઠરાવવામાં આવેલ આરોપીએ ફરીયાદી સાથેના લેણાની રકમ ચુકવી આપવાની નોટીશથી આજદિન સુધીનો સમય મળેલ હોવા છતા પુરી ચુકવેલ નથી અને ફરીયાદીને સદરહુ ચેક રીર્ટન થયેલ હોવાથી થયેલ નુકશાનને ધ્યાને લેતા, આ કામે આરોપીપક્ષે ફરીયાદીની ઉલટતપાસ કરેલ નથી કે કોઇ બચાવ લઇને પુરાવો પણ રજુ કરેલ ન હોય અને આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવેલ હોય ત્યારે ગુન્હાને

હળવાશથી લઈ શકાય તેમ નથી.આરોપીએ ફરીયાદીને નાણા ન ચુકવીને નાણાકીય નુકશાન ફરીયાદીને કરેલાનું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે અને જે નુકશાન ભરપાઈ કરવાની જવાબદારી આરોપીના શીરે છે તેથી ફરીયાદી વળતર મેળવવા હકદાર થાય છે અને હાલના કેસમાં ફરીયાદીપક્ષને રકમ નહી ચુકવીને પોતે કરેલ અપરાધનો પસ્તાવો કરવાનો સમય મળે અને કાયદેસરની લેણી રકમ ચુકવી આપવામાં કસુર કરવાથી કેદની સજા ભોગવવી પડે તેવો અહેસાસ થાય તે માટે છ માસ જેટલો સમય વાજબી જણાય છે. નાણાકીય બાબતનો ગુન્હો હોય તેની સખ્ત કેદની સજા નહી કરતા સાદી કેદની સજા કરવાનું ઉચીત જણાય છે અને સાથોસાથ ફરીયાદીને વળતરનો હુકમ પણ કરવામાં આવે તો ન્યાયની વિભાવના પણ જળવાઈ રહેશે તેમ જણાય છે. જેથી ઉપરોકત ચર્ચા અનુસાર મુદા નં.૨ પરતવે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

// <u>**આખરી હુકમ**</u> //

**(૧)** આ કામના આરોપી **કાળુભાઈ રાજશીભાઈ સીંધવ,** રહે. ગળોદર, તા.માળીયા હાટીના નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૮(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠેરવી **૬(છ) માસની સાદી કેદની સજા** કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

**(૨)** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૯૫(૩) અન્વયે આરોપીએ વળતરપેટેની રકમ રૂા.૯,૬૮,૦૦૦/–(અંકે રૂપિયા નવ લાખ અડસઠ હજાર પુરા) ફરીયાદીને ક્રિમિનલ મેન્યુઅલ પેરા–૨૦૯ તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૬૧ સાથે વાંચતા કલમ–૪૭૧ મુજબ ચુકવી આપવા. જો આરોપી સદર રકમ ચુકવવામાં કસુર કરે તો, આરોપીએ વધુ ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

**(૩)** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૦૪ અન્વયે આ હુકમની એક નકલ આરોપીને વિનામૂલ્યે પુરી પાડવી.

**(૪)** આરોપી **કાળુભાઈ રાજશીભાઈ સીંધવ,** રહે. ગળોદર, તા.માળીયા હાટીના નાઓને સદર કામે કોર્ટમાં હાજર રહેતા ન હોય, આરોપી વિરૂદ્ધ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૫૮ અન્વયે પકડ વોરંટ ઈસ્યુ

કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તા.૧૫મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬**ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**મુકામ : બગસરા.**
**તા.૧૫/૦૪/૨૦૨૬**

**(નિલેશકુમાર એમ. ચૌહાણ)**
**જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**બગસરા.(કોડ નં.જીજે–૦૧૬૪૭)**